EDI

Divya Bhaskar

May 7, 2016
Page No. 2
Of City Bhaskar

EDIIના પદવીદાન સમારોહમાં રાજ્યપાલ ઓપી.કોહલીએ કહ્યું કે..

# યુવાનો આજે નોકરી શોધવાને બદલે નોકરી ઉભી કરી રહ્યાં છે

પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમાં પ્રોગ્રામના 104 સ્ટુડન્ટસને પદવી એનાયત કરાઈ



સિટી રિપોર્ટર @ahm_cb

વિદ્યાર્થીઓને મોટિવેશનલ સ્પીચ આપતા ઓ.પી કોહલીએ કહ્યું કે,'હાલ દેશમાં સ્ટાર્ટઅપ માટેનો હકારાત્મક માહોલ ઉભો થયો છે.



દેશભરમાં લોકપ્રિય બનેલા સ્ટાર્ટઅપ કેમ્પેઈનને યુવાનોને નોકરી શોધવાને બદલે નોકરી ઉભી કરી રહ્યા છે. આજના સ્ટુડન્ટસ ખૂબ ભાગ્યશાળી છે. કારણ કે હાલ સ્ટાર્ટઅપ માટેનું સુગમ વાતાવરણ ઉભુ થયુ છે. ધંધો કરવા માટે દેશમાં મુક્ત વાતાવરણ છે. ઉદ્યોગસાહસિકો પાસે વિશ્વકક્ષાની ટેકનોલોજી અને માર્કેટ છે. વૈશ્વિક અર્થતંત્ર ઝડપી વિકસી રહ્યુ છે.'

## બિઝનેસમાં ઝંપલાવીશ

શિક્ષકો અને પોતાની સ્ટડી પ્રત્યે ચોક્કસ પ્રકારના લક્ષ્ય નક્કી કરવાના કારણે હું ગોલ્ડ મેડલની સિદ્ધિ હાંસલ કરી શકી છું. મારા ફાધરનો હાલ બિઝનેસ છે જેમાં હું હવે ઝંપલાવી સ્ટડી દરમિયાન મળેલા અનુભવોનો યુઝ કરીશ. • દૃષ્ટિ શાહ, ગોલ્ડ મેડાલિસ્ટ

## સ્ટાર્ટઅપને EDIIનું ફંડિંગ

EDII દ્વારા દર વર્ષે સ્ટુડન્ટ્સના બેસ્ટ સ્ટાર્ટઅપને ફંડિગ પૂરું પાડવામા આવે છે. આ વખતે ઋષભ હુડિયા નામના વિદ્યાર્થીને કોપર બસબાર મેટલ્સ પ્રોજેક્ટ ડિઝાઈન કરવા બદલ એક લાખનું ફંડિગ ઈડીઆઈઆઈ દ્વારા આપવામાં આવ્યું હતું.